
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




# જિલ્લામાં ૧૧ જુગારધામો પર પોલીસના દરોડા

### જિલ્લામાં અલગ અલગ ૧૧ સ્થળોએ દરોડા પાડી પોલીસે પોણા ચાર લાખના મુદ્દામાલ સાથે ૪૮ શકુનીઓ પકડયા

ગાંધીનગર, તા.૧૬

શ્રાવણ માસની શરૂઆત ૧૨ તારીખથી થઈ ત્યારથી આજદિન સુધી પાંચ દિવસના સમયગાળા દરમિયાન ગાંધીનગર જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં પોલીસે દરોડા પાડીને ૧૧ જુગારધામો પકડી પાડયા છે. જિલ્લામાં અલગ અલગ અગિયાર સ્થળોએ દરોડા પાડીને પોલીસ દ્વારા રોકડ પોણા ત્રણ લાખ રૂપિયા સહિત કુલ પોણા ચાર લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને ૪૮ શકુનીઓને જુગાર રમતા રંગેહાથ પકડી પાડયા છે. પાંચ દિવસમાં અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને પોલીસે ૪૮ શકુનિઓ પકડ્યા છે ત્યારે જુગારના શોખીનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી એલ.સી.બી - એસ.ઓ.જી સહિત સ્થાનીક પોલીસની ટીમો શકુનીઓને પકડવા સક્રિય છે. શ્રાવણ માસની શરૂઆતથી આજદિન સુધીમાં એટલે કે પાંચ દિવસના સમયગાળા દરમિયાન એલ.સી.બી એસ.ઓ.જી સહિત સ્થાનિક પોલીસ દ્વારા જિલ્લામાં કુલ ૧૧ અલગ અલગ સ્થળો પર સફળ દરોડા પાડવામાં આવ્યા છે. ૧૨ ઓગસ્ટે કલોલ તાલુકા સેક્ટર-૭ અને રખિયાલ પોલીસ દ્વારા પોતાના વિસ્તારમાં દરોડા પાડીને ૧૯ શકુનીઓને પકડયા હતા. બીજે દિવસે ૧૩ તારીખે એક પણ જુગારી જિલ્લામાંથી પકડાયો ન હતો. ૧૪ ઓગસ્ટે ઈન્ફોસિટી પોલીસ, પેથાપુર પોલીસ, સાંતેજ પોલીસ, માણસા પોલીસ અને કલોલ શહેર પોલીસ દ્વારા અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને તીન પતીનો અને વરલી-મટકાનો જુગાર રમાડતા શકુનિઓને પકડી પાડ્યા હતા. આ ટીમોએ અલગ અલગ છ સ્થળે દરોડા પાડીને ૧૬ જુગારીઓને પકડ્યા હતા. જ્યારે ૧૫ ઓગસ્ટે રખિયાલ પોલીસે ચાર જુગારીઓને પકડ્યા હતા. તે ઉપરાંત ગઈકાલે માણસા પોલીસ સ્ટેશનની હદમાં લોદરા ગામે જુગાર ધામ પર ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિત અને એસઓજીની પરેશ સોલંકીની ટીમે દરોડો પાડયો હતો અને સવા લાખના મુદ્દામાલ સાથે ૧૨ શકુનીઓની ધરપકડ કરી લીધી હતી. શ્રાવણની શરૂઆત થી ૫ દિવસ સુધીના સમયગાળા દરમિયાન પોલીસ દ્વારા અગિયાર સ્થળે દરોડા પાડીને રોકડ રૂ.૨,૭૧,૮૩૦ સહિત કુલ રૂ.૩,૭૩,૨૩૦ ની કિંમત ના મુદ્દામાલ સાથે કુલ ૪૮ શકુનીઓની ધરપકડ કરી છે.




## અંધશ્રધ્ધાથી દૂર રહો, બલી પ્રથા ત્યાગો : પૂ. સુનિલસાગરજી મહારાજ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેક્ટર-૨૧માં દિગંબર જૈન મંદિરે પૂ.



સુનિલસાગરજી મહારાજ ચાતુર્માસ માટે સંઘ સાથે બિરાજમાન થયાં છે. પૂ. સુનિલસાગરજી મહારાજ દ્વારા દરરોજ ભાવિકોને આશિર્વચન પાઠવવામાં આવે છે. આજે પૂ. મહારાજે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ૮૦ ટકા બિમારીઓ પાણીથી થાય છે માટે પાણી હંમેશા ઉકાળીને પીવાનો આગ્રહ રાખો.

આ સાથે પૂ. આચાર્યએ જણાવ્યુ હતું કે મનુષ્યએ પોતાની મનઃસ્થિતિ બદલવાની જરૂર છે, સમ્યક દર્શન એટલે કે સમદષ્ટિ ધરાવતો જૈન ધર્મ એકદમ વૈજ્ઞાનિક છે. માનવી ભયથી તમામ કાર્યો કરે છે પરંતુ માનવીએ અંધશ્રદ્ધાથી દૂર રહેવાની અને પર્યાવરણનું જતન કરવા સાથે બલીપ્રથાથી દૂર રહેવાની જરૂર છે. આ સાથે તેમણે બેટી બચાવો-બેટી પઢાવો અંગે પણ સંદેશ પાઠવ્યો છે.

# અમિયાપુર મેરૂધામમાંથી અઢી લાખ ચોરી જનાર સેવક ઝડપાયો

### સેવકે જ મહારાજના રૂમના કબાટનું તાળું ખોલીને રૂપિયા અઢી લાખ ચોર્યા હતા : ગણતરીના કલાકોમાં અડાલજ પોલીસે ચોરીનો ભેદ ઉકેલ્યો



અડાલજ નજીક આવેલા અમીયાપુર ગામમાં સ્થિત જૈન ઉપાશ્રય મેરૂધામમાં મહારાજના રૂમના કબાટમાંથી રૂપિયા અઢી લાખ રોકડા ચોરી થઈ જતાં ચકચાર મચી જવા પામી હતી. આ ઘટના અંગે અડાલજ પોલીસને જાણ કરવામાં આવતા પીએસઆઈ એ.જી.એનુરકાર તથા તેમની ટીમના હેડ કોન્સ્ટેબલ કેવલસિંહ તથા કોન્સ્ટેબલ આશિષસિંહે આ ચોરીનો ભેદ ઉકેલવા કવાયત શરૂ કરી દીધી હતી. ગણતરીના કલાકોમાં અઢી લાખની ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી જવા પામી હતી. મેરૂધામમાં જ સેવક તરીકે નોકરી કરતા રંગતસિંહ ઉર્ફે રણજીતસિંહ ઉર્ફે વિરેન્દ્રસિંહ બબસિંહ રાઠોડ ની અડાલજ પોલીસે ધરપકડ કરી લીધી છે. ચોરી કર્યા બાદ આ સેવક ગાયબ થઇ ગયો હતો. જેને આધારે શંકા મજબૂત થતા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી આ આરોપીને ચોરીના રૂપિયા અઢી લાખના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈન્ફોસિટી પોલીસે કુડાસણમાં દરોડો પાડીને અઢી લાખના તોડની ચર્ચા !

### પોલીસે વાહનો અને મોબાઈલો તથા ત્રણ જુગારીઓને ગાયબ કર્યા : પકડયા ૯ બતાવ્યા ૬..!

ગાંધીનગર, તા.૧૬

ઈન્ફોસિટી પોલીસે બે દિવસ પહેલા રાત્રે કુડાસણ ગામમાં પ્રાથમિક શાળાની બાજુમાં આવેલી વાડીભાઈ પટેલની વાડીમાં દરોડો પાડયો હતો. આ વિગત પોલીસે મીડિયાથી પણ છુપાવી હતી. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પોલીસે દરોડો પાડીને કુલ નવ જુગારીઓને રંગે હાથ જુગાર રમતા પકડાયા હતા. તમામ જુગારીઓને પકડીને પોલીસ ઈન્ફોસિટી ચોકીમાં લઈ આવી હતી અને અંદર બેસાડી દીધા હતા. આખી રાત કાર્યવાહી ચાલી અને સવારે તમામ નવ આરોપીઓને જામીન મેળવવા મોકલ્યા હતા. આ આરોપીઓના વાહનો અને મોબાઈલો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. વાહનો અને મોબાઈલો કાગળ ઉપર ન બતાવવા માટે પોલીસે સવા લાખ રૂપિયાનો તોડ કર્યો હોવાની ચર્ચા છે. તે ઉપરાંત કુલ નવ આરોપીઓ પકડાયા હતા તે યાદી બહાર આવી તો ૯ માંથી માત્ર છ આરોપી જ બચ્યા હતા. પોલીસે ત્રણ આરોપીઓને પણ ગાયબ કરી દીધા હતા.

ચર્ચા એ પણ છે કે આ ત્રણ આરોપીઓને ગાયબ કરવા માટે પોલીસે સવા લાખ બીજા લીધા હતા. કદાચ આ જ કારણ હતો કે પોલીસે મીડિયાથી આ માહિતી છુપાવી હતી. નવે નવ આરોપીઓને પોલીસ ઈન્ફોસિટી ચોકીમાં લાવી તે ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ છે જો જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા આ ઘટનાની તટસ્થ તપાસ કરવામાં આવે તો આ કાંડ કરી જનાર બે ત્રણ પોલીસ કર્મચારીઓ પણ સસ્પેન્ડ થાય તેમાં બે મત નથી.

## સેકટર-૧ના તેજસ્વી તારલાઓનું સન્માન યોજાશે

પેન્શનર્સ સમાજ સેકટર-૧ ગાંધીનગર તથા ઉત્સવ સમિતિના સહયોગથી નવરાત્રિ મહોત્સવ દરમિયાન તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે. માનનીય નારણભાઈ પટેલ તેમજ મહેન્દ્રભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાશે. વરિષ્ઠ પેન્શનર ઈશ્વરભાઈ પટેલના સૌજન્યથી ઈનામો આપવામાં આવશે. સેકટર-૧માં રહેતા વસાહતીઓએ તેમના પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રી કે જેમણે ધો-૧૦ તથા ૧૨માં ૭૫ ટકા કે તેથી વધારે ગુણ મેળવેલ હોય તેમની માર્કશીટની ઝેરોક્ષ નકલ કાર્યકર્તાઓ એસ.ડી. આર. મલિક ફોન ૨૩૨૩૨૭૭૭, અશોકભાઈ શાહ ફોન-૨૩૨૩૭૩૩૩, જે.એલ. શાહ ફોન-૯૪૨૬૭૦૯૭૩૬ તથા જી.પી. વ્યાસ ફોન-૨૩૨૨૫૨૯૨ને તા. ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં પહોંચાડવાની રહેશે.

# સે-૧૧ વાણિજ્ય કોમ્પલેક્ષના ભોંયરા ખોલવા તંત્રએ ૩ દિવસની મુદત આપી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી દબાણ, પ્લાસ્ટીક, પાર્કીંગ સહિતના પ્રશ્નો અંગે તંત્રએ ઝુંબેશ ઉપાડી છે. શહેરના આ પ્રશ્નોથી નગરજનો અને તંત્રના અધિકારીઓ પણ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. ત્યારે શહેરમાં કાચા-પાકા અને લારી-ગલ્લાના દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળતા દબાણકર્તાઓમાં હાહાકાર મચી જવા પામ્યો છે. તંત્ર દ્વારા તાજેતરમાં સેકટર-૧૧ વાણીજય વિસ્તારમાં દબાણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં લારી-ગલ્લા સહિત કોમ્પલેક્ષની આસપાસ ઉભા કરેલા પાકા દબાણનો પણ સફાયો કરાયો હતો. જયારે પાર્કીંગનો પ્રશ્ન સે-૧૧માં સતત ઘુમરાયા કરે છે. સે-૧૧ માં આવેલા કોમ્પલેક્ષ એરીયાની આસપાસમાંથી પસાર થવું અત્યંત કપરી પરિસ્થિતિ સમાજન હતું. આડેધડ વાહનો પાર્ક કરતા વાહન માલિકોને લીધે અન્ય નાગરીકોને ભારે પરેશાની વેઠવાનો વારો આવતો હતો.

પાર્કીંગના પ્રશ્ને ગાંધીનગર મહાનગર પાલિકાની ટીમે પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૧૧ માં આવેલા સુમનસીટી, શાલીન કોમ્પ્લેક્ષ, મેઘ મલ્હાર, સહિતના અન્ય કોમ્પલેક્ષના માલિકોને નીચે આવેલા અને પાર્કીંગ માટે રાખવામાં આવેલા ભોંયરા તાત્કાલીક અસરથી દિન ત્રણમાં ખોલી દેવા માટે મુદત આપવામાં આવી છે.

જો કોમ્પ્લેક્ષના ભોંયરા નહી ખોલવામાં આવે તો આગામી દિવસમાં મનપાની ટીમ દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે અને તમામ કોમ્પ્લેક્ષના ભોંયરા ખોલાવવામાં આવશે. જેથી વાહન ચાલકો દ્વારા ભોંયરામાં પાકીગ કરવામાં આવતા માર્ગ વચાળે ગાડીઓનો ખડકલો સર્જાશે નહી. સે-૧૧ વાણીજય વિસ્તારમાં આવેલા કોમ્પ્લેક્ષના ભોંયરા ખુલશે તો દબાણ અને પાર્કીંગનો પ્રશ્ન એક સાથે હલ થઈ જશે. જયારે આગામી દિવસોમાં દબાણની ટીમ ગમે ત્યારે ગમે તે સેકટર કે શોપીગ એરીયામાં જઈ સપાટો બોલાવશે.

# માણસા પાસે ગેસ કટરથી એટીએમ તોડી ૨૩ લાખની ચોરી

### ઇશ્વરપુરા ગામના એસબીઆઇના એટીએમને તસ્કરે ટાર્ગેટ બનાવ્યું : માસ્ક પહેરીને આવેલા ચોરે અઢી કલાક મહેનત કરી : તાજેતરમાં જ બેંક દ્વારા એટીએમ ની સિક્યુરિટી હટાવી હતી

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લાના માણસા તાલુકાના ઈશ્વરપુરા ગામ પાસે હાઈવે પર આવેલા એસબીઆઈના એટીએમ ને ચોરે ટાર્ગેટ બનાવ્યું હતું. રાત્રે અઢી વાગ્યાના અરસામાં એટીએમ કેબીનમાં ઘૂસીને તમામ ઈલેક્ટ્રીક સ્વીચ બંધ કરી દઈ ચોરે ગેસ કટર ચાલુ કરી દીધું હતું. અઢી કલાક સુધી મહેનત કરીને એટીએમનું કેસ ચેસ્ટ તોડી આ ચોર અંદરથી રૂપિયા ૨૩ લાખ રોકડા ચોરી કરી ગયો હતો. વહેલી સવારે પોલીસને ઘટના અંગે જાણ થતાં પોલીસ દોડતી થઇ ગઇ હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ રિકવર કરવા પ્રયત્નો શરૂ કર્યા છે તો બીજી તરફ સ્નીફર ડોગ અને એફ.એસ.એલ બોલાવી વૈજ્ઞાનિક ઢબે પણ તપાસ શરૂ કરી છે. ચોર જે માસ્ક પહેરીને આવ્યો હતો તે માસ્ક તથા હથોડી અને ટાંકણ સહિતનો મુદ્દામાલ પણ સ્થળ પરથી મળી આવ્યો છે. નોંધનીય બાબતો એ છે કે તાજેતરમાં જ બેંક અધિકારીઓ દ્વારા આ એટીએમ પર તૈનાત રહેતા સિક્યુરિટી ગાર્ડને ત્યાંથી હટાવી દીધો હતો. ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિત ની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દીધી છે. બેંક મેનેજરે માણસા પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. ગાંધીનગર એફ.એસ.એલ.માંથી સાયન્ટિફિક ઓફિસર જી.પી. દરબારે સ્થળ પરથી કેટલાક સેમ્પલ લઇ ચોર સુધી પહોંચવાની કડી મેળવવા પોલીસને મદદ કરવા પ્રયત્નો શરૂ કર્યા છે.







## લો... આટલી ટ્રાફિક ડ્રાઈવ છતાં નો-પાર્કિંગમાં પાર્કિંગ..!!

ગાંધીનગર શહેરમાંથી બેજવાબદાર વાહન પાર્કિંગના કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યાને નિવારવા ટ્રાફિક પોલીસના સહકારથી મહાનગરપાલિકાએ કડક હાથે કાર્યવાહી આરંભી છે. આમ છતાં હજુ પણ શહેરમાં અનેક વાહનચાલકો આ બાબતે ગંભીર જણાતા નથી. શહેરમાં હજુ પણ અનેક ઠેકાણે બેજવાબદાર પાર્કિંગ થઈ રહ્યું છે જેની ચાડી આ તસવીર ખાય છે. જેમાં સે. ૧૭/૨૨ પાસે 'નો પાર્કિંગ' ઝોનમાં જ કારચાલકો પોતાની કાર બિંદાસ્તપણે પાર્ક કરી રહ્યાં છે. વળી, શહેરમાં પાર્કિંગ કે ટ્રાફિક નિયમનના ભંગ માટે ફોરવ્હીલર્સ કરતા ટુવ્હીલર્સ ચાલકોને જ વધુ દંડવામાં આવે છે તેવી ટુ વ્હીલર ચાલકોમાં ધારણા બંધાઈ જવા પામી છે તે કંઈક અંશે સાચી પણ જણાય છે.

# જિલ્લાના ત્રણ પોલીસ કર્મચારીઓનું વિશેષ કામગીરી બદલ સન્માન

### એલ.સી.બી.ના બે કર્મચારીઓ તથા અડાલજ પોલીસ મથકના એક પોલીસ કર્મચારીને જિલ્લા કલેકટરે સન્માનિત કર્યા

ગાંધીનગર, તા.૧૬

જિલ્લા કક્ષાની સ્વતંત્ર દિવસની ઉજવણી માણસા ખાતે યોજાઇ હતી. આ સમારંભમાં ગાંધીનગર જિલ્લાના ત્રણ પોલીસ કર્મચારીઓને પ્રશંસનીય કામગીરી કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા વિરભદ્રસિંહ લક્ષ્મણસિંહ રાણા, ભવાનસિંહ રાજપૂત તથા અડાલજ પોલીસ મથકમાં ફરજ બજાવતા નિલેશ પ્રજાપતિને માણસા ખાતેના આ સ્વતંત્ર પર્વ નિમિત્તે યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં સન્માનપત્ર સુપ્રત કરવામાં આવ્યુ હતું. વિરભદ્રસિંહની ટેકનિકલ સર્વેલન્સ કામગીરી તથા પ્રોહીબીશન છેતરપિંડી જેવા મહત્વના કેસોમાં પાસાની દરખાસ્ત તૈયાર કરવાની મહત્ત્વની કામગીરીને ધ્યાને લઈ સન્માન કરાયું હતું. જ્યારે ભવાનસિંહ વાહનચોરી



ડિટેક્શન તથા અન્ય ગુનાઓમાં ડિટેક્શનમાં સારી કામગીરી કરવા બદલ સન્માનિત થયા હતા. તે ઉપરાંત અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા નિલેશ પ્રજાપતિને કેનાલ પર આપઘાત કરવા આવેલા માતા-પુત્રીને તથા એક મહિલાને જીવતા બચાવી રેસ્ક્યુ ઓપરેશન કરવા બદલ સન્માનિત કરાયા હતા. માણસા ખાતે સ્વતંત્ર પર્વની ઉજવણીના કાર્યક્રમમાં ત્રણેય પોલીસ કર્મચારીઓનું જિલ્લા કલેકટરના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.



## શિલ્પ એકેડેમીની બાઈકરેલીએ પૂ. સુનિલસાગરજીના આશિર્વાદ મેળવ્યા

ગાંધીનગરમાં ૭૨માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શિલ્પ એકેડેમી દ્વારા યુવાનોની 'અહિંસક બાઈકરેલી' યોજવામાં આવી હતી જેમાં ૫૦૦ યુવક-યુવતીઓ જોડાયાં હતા. આ રેલીમાં ૩૫૦ રાષ્ટ્રધ્વજ સાથે યુવાનોએ 'ભારત માતા કી જય' અને 'શહીદો અમર રહો'નો સૂત્રોચ્ચાર કર્યો હતો. અંદાજે ૩ કિમી લાંબી આ રેલી ઘ-૫ શિલ્પ એકેડેમીથી નિકળી સેક્ટર-૨૧માં જૈન દિગંબર મંદિરે પહોંચી હતી જ્યાં આચાર્યા સુનિલસાગરજી મહારાજે આશિર્વચન પાઠવ્યા હતા.



રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં સમગ્ર ગાંધીનગર જોડાયું હતું. જેમાં પાટનગરની સ્થાપના માટે પોતાની મહામૂલી જમીન આપનાર અસરગ્રસ્ત ખેડૂતોના 'ગાંધીનગર રાજધાની વિકાસ અસરગ્રસ્ત મંડળ' દ્વારા પણ જીઆઈડીસી ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધ્વજવંદન સાથે પાટનગરના અસરગ્રસ્ત ખેડૂતોને સત્વરે ન્યાય મળે તે હેતુથી લડતને વધુ સક્રીય બનાવવા આગામી રણનીતિ અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

## ઔદ્યોગિક તાલિમ સંસ્થા દ્વારા ભરતીમેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) ગાંધીનગર ખાતે તા. ૧૮-૮-૨૦૧૮ને શનિવારના રોજ એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ ક્ષેત્રની નામાંકિત કંપનીઓ દ્વારા જુદા જુદા ટ્રેડમાં એપ્રેન્ટીસની ભરતી કરવાની છે. આથી એપ્રેન્ટીસ તરીકે જોડાવવા ઈચ્છુક ધોરણ-૮ પાસથી સ્નાતક, આઈટીઆઈ, ડીપ્લોમાં તથા ડીગ્રી એન્જીનીયરીંગ પાસ ઉમેદવારોને આ એપ્રેન્ટીસ ભરતી મેળામાં ભાગ લેવા જરૂરી પ્રમાણપત્રો સાથે તા. ૧૮-૮-૨૦૧૮ના રોજ સવારે ૧૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે હાજર રહેવા ઔદ્યોગિક તાલિમ સંસ્થાના આચાર્યએ જણાવ્યું છે.

## સ્વાતંત્ર્યદિને ૧૦૧ યુનિટ રક્ત એકત્ર કરી ઉજવણી કરાઈ

છેલ્લાં ૧૨ વર્ષથી દર સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શહેરના સેક્ટર-૨૧માં વૈજનાથ મહાદેવના મંદિરે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ અત્રે યોજાયેલ રક્તદાન શિબિરમાં ૧૦૧ બોટલ રક્ત એકત્ર કરાયુ હતુ. આ રક્તદાન શિબિરના આયોજન માટે મંદિરના ટ્રસ્ટી ભરતભાઈ પટેલ ઉપરાંત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના જિલ્લાશાખાના અશ્વિનભાઈ દવે, જે.એન. પરીખ, હિતેશ રાવલ તથા જીલુભા ધાંધલે જહેમત ઉઠાવી હતી તથા રક્ત એકત્ર કરવાની સેવા સિવિલ હોસ્પિટલની ટીમે પુરી પાડી હતી.

## અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજના આજીવન સભાસદોની વર્ષ-૨૦૧૭-૧૮ના આઠમા વર્ષની વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૧૯-૮-૧૮ને રવિવારના રોજ સાંજના ૪ કલાકે મહિલા ટ્રસ્ટની ઓફિસ પ્લોટ નં. ૧૭૫૭/૨, સે. ૨-ડી, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. તો આ સાધારણ સભામાં સમયસર અચૂક હાજર રહેવા ટ્રસ્ટના તમામ સભાસદોને પ્રમુખ દ્વારા જણાવાયું છે.